# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
મુ.: વિંઝોલ, પો.: કાંકણપુર, તા.: ગોધરા, જિ.: પંચમહાલ-૩૮૮૭૧૩


No:SGGU/ADM/2024/2465

તા:૦૪/૦૪/૨૦૨૪

**પરિપત્ર (તાકીદનું):** 3342

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી અને ગ્રાન્ટ ઈન એડ કોલેજના પ્રિન્સિપાલશ્રીઓને જણાવવાનું કે વર્ષ 2024-25 થી રાજ્યની 14 સરકારી યુનિવર્સિટીઓમાં ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ **GCAS** પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓની એડમિશન પ્રક્રિયા ફરજિયાત કરવાની હોવાથી આપણી યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી અને ગ્રાન્ટિનેરી કોલેજોમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને ઈન્ફોર્મેશન હેલ્પ સેન્ટરની સ્થાપના કર્યા બાદ સરકારશ્રીની સૂચના પ્રમાણે તેમને કાર્યરત કરવા માટે અનુરોધ કરવામાં આવે છે. આ અંગે ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી ની કચેરીથી બહાર પાડેલ માર્ગદર્શિકા આ પરિપત્ર સાથે જોડેલ છે જેનો ચુસ્તપણે અમલ કરવા **6 એપ્રિલ 2024** ના રોજ **11:30 કલાકે** યુનિવર્સિટી ખાતે **GCAS** પોર્ટલની તાલીમ અર્થે ફરજિયાત હાજર રહેવા માટે જણાવવામાં આવે છે.

વધુમાં ઉપરોક્ત તાલીમ કાર્યક્રમમાં સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ અને **GCAS** પોર્ટલની કામગીરી સંભાળતા કર્મચારીને પણ હાજર રહેવા જણાવવામાં આવે છે.

પ્રતિ :
આચાર્યશ્રી,
તમામ સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો,
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા

કુલસચિવશ્રી
કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
વીંઝોલ, ગોધરા, ગુજરાત
વિંઝોલ-ગોધરા


**Address:** At.: Vinzol, Post: Kankanpur, Taluka: Godhra, District: Panchmahal, Gujarat-388713.
**Phone No: 02672 255101**
**Website: www.sggu.ac.in**

# Commissionerate of Higher Education

*Gujarat State, Gandhinagar*

## Gujarat Common Admission Services (GCAS)

## DOCUMENT VERIFICATION CUM INFORMATION HELP CENTRE GUIDELINE

## ડોક્યુમેન્ટ વેરિફિકેશન તથા ઈન્ફર્મેશન હેલ્પ સેન્ટરની માર્ગદર્શિકા

1. ગુજરાત રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત/સેલ્ફ ફાયનાન્સ/ઓટોનોમસ આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, બી.એડ., લો (કાયદા) શાખા વગેરેની કોલેજોમાં તેમજ જે તે યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કક્ષાના અને પીએચ.ડી. વગેરે અભ્યાસક્રમોના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ પોર્ટલ(GCAS)ના માધ્યમથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
2. GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પોર્ટલ તેમજ એડમિશન સંબંધિત માહિતી પ્રદાન કરવા તથા જે વિદ્યાર્થીઓએ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તેવા વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ્સની ચકાસણી માટે રાજ્યની તમામ સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોએ પોતાની કોલેજમાં DOCUMENT VERIFICATION CUM INFORMATION HELP CENTREની સ્થાપના કરવી આવશ્યક છે.
3. જે તે સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજના આચાર્યશ્રી આ સેન્ટરના નિયામક રહેશે.
4. આચાર્યશ્રીએ પોતાની કોલેજના હેલ્પ સેન્ટરમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશનની કામગીરી સુચારુ રીતે થઈ શકે તે માટે જરૂર હોય તેટલા પ્રાધ્યાપકશ્રીઓ / બિનશૈક્ષણિક કર્મચારીઓની ટીમની રચના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ સૂચના અનુસાર કરવી. આ કામગીરી અંગેના જરૂરી કચેરી આદેશો આચાર્યશ્રીએ કોલેજ કક્ષાએથી કરવા.
5. ડોક્યુમેન્ટ વેરિફિકેશન - ઇન્ફર્મેશન હેલ્પ સેન્ટર માટે કોલેજમાં અલાયદા ઓરડાની વ્યવસ્થા કરવી અને કોલેજમાં તે કઈ જગ્યાએ કાર્યરત છે તેની વિગત દર્શાવતા જરૂરી સાઈનબોર્ડ્સ લગાવવા.
6. તા. ૧ એપ્રિલ, ૨૦૨૪થી રવિવાર તેમજ જાહેર રજાના દિવસો સિવાય ઉનાળુ વેકેશન દરમ્યાન પણ આ સેન્ટર સવારે 9.00 થી બપોરના 2.00 સુધી કાર્યરત રહેશે. આ સમય દરમ્યાન કામગીરી માટે નિયુક્ત થયેલ સદસ્યો સેન્ટર પર ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવું.
7. ડોક્યુમેન્ટ વેરિફિકેશન કમ ઇન્ફર્મેશન હેલ્પ સેન્ટરે નીચે મુજબના મુખ્ય કાર્યો કરવાના છે :
    - સેન્ટરની મુલાકાત લેનાર તમામ વિદ્યાર્થીઓ / વાલીઓને એડ્મિશન પ્રક્રિયા અંગે માહિતી પૂરી પાડવી.
    - વિદ્યાર્થીઓને ઓનલાઈન એડ્મિશન એપ્લિકેશનના ઉપયોગમાં કોઈ તકલીફ સર્જાય તો તેવા સંજોગોમાં તેઓને મદદ મળી રહે તે માટે સેન્ટર ખાતે ઈન્ટરનેટ જોડાણ સાથેના કમ્પ્યૂટર્સ, સ્કેનર્સ અને માર્ગદર્શકની વ્યવસ્થા કરવી.
    - ગુજરાત કોમન એડ્મિશન સર્વિસિસ પોર્ટલ (GCAS) પર રજિસ્ટ્રેશન કરાવેલ વિદ્યાર્થીઓના અસલ ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરવી. ડોક્યુમેન્ટ્સની ઓનલાઈન ચકાસણી માટેના યુઝર આઈ.ડી. તથા પાસવર્ડ GIPL દ્વારા સંબંધિત યુનિવર્સિટી મારફત જે તે સેન્ટરના નિયામક (આચાર્યશ્રી)ને ફાળવવામાં આવશે.

8. સેન્ટરની મુલાકાત લેનાર વિદ્યાર્થીઓ/વાલીઓ માટે એક રજિસ્ટર અવશ્ય નિભાવવું. આ રજિસ્ટરમાં તારીખ, વિદ્યાર્થી/વાલીનું નામ, મોબાઈલ નંબર, મુલાકાતીની સહી લેવી અને મુલાકાતીને જો કોઈ પ્રશ્ન હોય તો તે પ્રશ્નની વિગત રજિસ્ટરમાં નોંધવી.

9. ડોક્યુમેન્ટ વેરિફિકેશન ટીમને ઇન્ટરનેટ કનેક્શન સાથેના જરૂરી હોય તેટલા કમ્પ્યૂટર્સ, સ્કેનર્સ, પ્રિન્ટર, A4 સાઈઝના કાગળો તેમજ આનુષંગિક સ્ટેશનરી પૂરી પાડવી.

10. ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીઓને જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા વિદ્યાર્થીઓની રજૂઆતો સાંભળીને આચાર્યશ્રીએ નિયમો મુજબ તે પ્રશ્નોનું સ્થળ પર જ સમાધાન કરવું.

11. વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલમાં ભરેલી વિગતોને તેના અસલ પ્રમાણપત્રો સાથે સરખાવવા અને વેરિફિકેશન સ્ટેટસ અપડેટ કરી તેને સબમીટ કરવું. આ રીતે સબમીટ થયેલ અરજીમાં દર્શાવેલા માર્કસને જ પ્રવેશ મેળવવા માટેના મેરીટ માટે આખરી ગણાવવાના હોવાથી માર્ક્સની ચકાસણી કે ટકાવારીની ગણતરીમાં કોઈ ભૂલ ન થાય તેની વિશેષ કાળજી લેવી.

12. માર્ચ - 2024માં ગુજરાત બોર્ડમાંથી ધોરણ -12ની પરીક્ષા પાસ કરનાર GENERAL કેટેગરીના વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાની જરૂર નથી.

13. માર્ચ - 2024માં ગુજરાત બોર્ડમાંથી ધોરણ - 12ની પરીક્ષા પાસ કરનાર SC/ST/SEBC/EWS/PHની અનામત કક્ષાના વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટનું વેરિફિકેશન કરવું.

14. માર્ચ – 2024 પૂર્વે ધોરણ 12ની પરીક્ષા પાસ કરનાર ગુજરાત બોર્ડ કે અન્ય કોઈ પણ શૈક્ષણિક બોર્ડમાંથી ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરવું અનિવાર્ય છે.

15. ગુજરાતમાં નિવાસ કરતા અન્ય રાજ્યના મૂળ નિવાસી વિદ્યાર્થીઓના કિસ્સામાં જો લાગુ પડતું હોય તો નિયમાનુસાર જરૂરી ડોમિસાઈલ સર્ટિફિકેટની ચકાસણી કરવી આવશ્યક છે.

16. દિવસના અંતે કુલ કેટલા વિદ્યાર્થીઓ/વાલીઓએ સેન્ટરની મુલાકાત લીધી છે તેની વિગત સેન્ટરને જે ઓનલાઈન લિંક આપવામાં આવે તેના પર રોજેરોજ અવશ્ય અપડેટ કરવી.

........................